
# આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૦, મહાસુદ ૧૪ • તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ • અંક : ૩

3



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

અમદાવાદ

## રાણકપુર તીર્થ ખાતે ૨૨-૧૨-૨૦૧૩, રવિવારના દિવસે આયોજિત રાણકપુર ઓડિયો ટૂર - શ્રાવ્ય યાત્રા લોકાર્પણ પ્રસંગના દ્રશ્યો.



મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવો



ઓડિયોગાઈડનું લોકાર્પણ કરતા પ્રમુખ શ્રી સંવેગભાઈ, શ્રી પુષ્પ જૈન (ભૂતપૂર્વ સાસંદ) તથા અન્ય ટ્રસ્ટીગણ



સભાને સંબોધિત કરતા પ્રમુખશ્રી સંવેગભાઈ



ઓડિયોગાઈડના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત જનસમૂહ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૩ મૂલ્ય : ₹ ૧૫ વાર્ષિક લવાજમ : ₹ ૫૦

## પ્રાર્થના

સમ્યગશ્રુતની અધિષ્ઠાયિકા શ્રુતદેવીને કરું પ્રણામ
દ્વાદશાંગીના અધિષ્ઠાયક
ગણિપિટક યક્ષનું લઈએ નામ
શ્રુતધર સ્થવિર મહાપુરુષોએ
અપૂર્વ શ્રુતનું કર્યું સર્જન
નિર્યુક્તિ-ચૂર્ણિ-ભાષ્ય-ટીકાથી
આગમનું કર્યું સંવર્ધન
ગણધરગૂંફિત સ્થવિર સર્જિત
શ્રુતસંપદ છે અતિવિશાલ
હસ્તલિખિતના રુપે સાચવી
સંઘોએ રાખી સંભાળ
આગમશ્રુત કેરો આ વારસો
જિનસાશનનું ગૌરવ છે
વીતરાગ પ્રભુની વાણીની
એમાં મહેકતી સૌરભ છે.
શ્રદ્ધા સભર અને ભક્તિ ભર્યા
હૈયાથી કરીએ શ્રુત ભક્તિ
શ્રુતોપાસના, શ્રુતની સાધના
શ્રુત પ્રત્યે રહો અનુરક્તિ

- (ભદ્રબાહુવિજય)

: પ્રકાશક :

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)**

વર્ષ : ૧ | અંક : ૩

પ્રકાશન

વિ.સં. ૨૦૭૦, મહા સુદ-૧૪ ● તા. : ૧૩-૦૨-૨૦૧૪, ગુરૂવાર

**પ્રકાશક :**

**કર્નલ ગૌતમભાઈ શાહ** (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦ **Fax : (079)2660 8244**

**E–mail : shree_sangh@yahoo.com**

**મુદ્રક** : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

# એક વિચાર-એક ચિંતન :

આપ સહુ તીર્થયાત્રા કરો છો, અનેક વખત તીર્થયાત્રા કરવાનો પુણ્ય અવસર આપને પ્રાપ્ત થાય છે. તીર્થોની યાત્રા સંસારને સીમિત કરવા માટે કરવાની છે, સંસાર એટલે કષાય... આસક્તિ... મોહ અને વળગણ ! જોજો... ક્યાંય શુભના બદલે અશુભને ઉત્તેજન ના મળે શુદ્ધના બદલે અશુદ્ધને આમંત્રણના અપાઈ જાય... દ્રવ્ય હોય કે ભાવ... પ્રભાવ હોય કે સ્વભાવ... શુભ-અશુભની ઓળખ કરવી જ રહી ! શુદ્ધ-અશુદ્ધની સમજણ શોધવી જ રહી !

## રાણકપુર તીર્થ ખાતે આયોજિત "ઓડિયો ટૂર ગાઈડ" ના લોકાર્પણ પ્રસંગે આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈના ઉદ્‌બોધનના મહત્વપૂર્ણ અંશો

- કસ્તૂરભાઈ શેઠે જગવિખ્યાત રાણકપુરજી તીર્થના જિનાલયનું જીર્ણોદ્ધાર કરાવવાનું ભાગીરથ કાર્ય કર્યું.
- શ્રણિકભાઈ શેઠ જ્યારે જ્યારે રાણકપુરની વાત આવે તો અત્યંત ગદ્‌ગદિત થઈ જાય છે.
- ઘણા પર્યટકો આવે છે. અને તીર્થ જોઈને શાસનની પ્રભાવના જગતભરમાં કરે છે તેવુ આપણું અલૌકિક સ્થાપત્ય છે. શ્રેષ્ઠીશ્રી કસ્તુરભાઈ અને શેઠશ્રી શ્રેણીકભાઈ એ ઘણા નામાંકિત વ્યક્તિઓને આ દેરાસરજી જોવા આગ્રહ ભરી વિનંતી કરી મોકલેલ છે.
- હું રાણકપુર તો ૧૯૭૬ થી દરવરસે આવું છું. આ ભવ્યાતિભવ્ય તીર્થ જોયા પછી જ્યારે મે પહેલીવાર તાજમહેલ જોયો તો જરાપણ પ્રભાવિત થયો નહી તેટલું જબરદસ્ત સ્થાપત્ય અને કલાકૃતિવાળું આ જિનાલય અને જિનબિંબ જોતા જ હૃદયમાં હર્ષોલ્લાસ થાય છે. મારા ઘણા વિદેશી મિત્રો જેઓ રાણકપુર પધાર્યા તે સર્વેનાં ઉદ્‌ગાર આજ હોય છે. "This is the only place in the world where we have felt the existance of God"
- ધરણાશાહ શેઠના વંશજો, પૂજારી તથા સોમપુરાની ૧૬ મી કે ૧૭ મી પેઢી આજે હયાત છે. પ્રતિકૂળ સમય વખતે આ સર્વેએ પ્રભુજીની પૂજા ભક્તિભાવથી કરી અને દેરાસરજીને આશાતનાથી બચાવ્યું.
- આજે પર્યટકો ઘણા પ્રમાણમાં વધતા જાય છે તે સર્વે ઉપર આપણા સંસ્કારોનો, સ્થાપત્યનો, કલાકૃતિનો પ્રભાવ પડે છે. અને એક રીતે શાસન પ્રભાવના વધે છે. પરંતુ આશાતનાઓ વધવાનો સંભવ છે. અને દેરાસરજીમાં શાંત વાતાવરણ જાળવવું પણ મુશ્કેલ બને છે. આ માટે ઓસ્ટ્રેલીયાની નેરોકાસ્ટરર્સ કંપની ને બહુજ ચકાસણી બાદ ઓડીઓ ગાઈડ તૈયાર કરવાનું કામ સોપ્યું જેની વિગત વિશ્વમાં

જાણીતા ગુજરાતી સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ એ તૈયાર કરી.

- ઓડીઓ ગાઈડ એ નાનું સાધન છે. જેના દ્વારા બહાર ખલેલ પડ્યા વગર શાંતિ જળવાય તે રીતે દેરાસરજીની માહિતી સાંભળનારને પહોંચી શકે જેથી પૂજા ભક્તિ કરવા આવેલા ભાવિકોને ખલેલ પડે નહી.

## સિદ્ધાચલની યાત્રા કરવા ચાલો આપણે જઈએ

ઈ.સન્ ૨૦૧૨ માં કુલ ૪ લાખ ૩૫ હજાર અને ૪૨ ભાઈ- બહેનોએ પાવનગિરિની સ્પર્શના કરી હતી. જેમાં ૮૯૫ જેટલા વિદેશી ભાઈ-બહેનો હતા. જ્યારે ઈ.સન્ ૨૦૧૩માં ૫ લાખ ૭૨ હજાર અને ૭૭ ની સંખ્યામાં ગિરિરાજની યાત્રા કરનારા ભાઈ બહેનો હતા. જેમાં વિદેશીઓની ૧૮૨૫ ની સંખ્યા હતી. ૨૦૧૩માં સહુથી વધારે યાત્રિકો માર્ચ મહીનામાં (૧ લાખ ૩ હજાર ૭૧૭) જેટલા હતા જ્યારે ૨૦૧૨ માં સહુથી વધારે યાત્રિકો ડિસેમ્બર મહીનામાં (૯૧હજાર ૧૨૮) હતા.

**(આધાર સ્રોત : આણંદજી કલ્યાણજી પેઢીઃ પાલીતાણા)**

## પાલીતાણાની ચાતુર્માસની સ્થિરતા કરનારા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા :

ગત વર્ષ વિ.સં. ૨૦૬૯ માં ભિન્ન-ભિન્ન સમુદાયના પૂજ્ય સાધુ ભગવંતો ૧૮૮ જેમાં ૨૨ આચાર્ય ભગવંતો, ૨ ઉપાધ્યાયભગવંતશ્રી, ૯ પન્યાસ પ્રવરશ્રી, ૪ ગણિવરશ્રી, ૨ પ્રવર્તકશ્રી, તથા ૧૫૦ જેટલા મુનિભગવંતો હતા. જ્યારે ભિન્ન-ભિન્ન સમુદાયના સાધ્વીજી ભગવંતોની સંખ્યા ૯૮૨ જેટલી હતી. કુલે ૧૧૭૦ સાધુ-સાધ્વીજીના દર્શન- વંદનનો લાભ પાલીતાણા ખાતે ચાતુર્માસ દરમ્યાનં મળ્યો હતો.

૧૩ સ્થળોએ નવ્વાણુ યાત્રાનુ આયોજન થયુ હતુ જેમા ૧૮૧૦ યાત્રિકોએ શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા કરવાનો લાભ લીધો હતો.

(શ્રી સાધુ સાધ્વીજી વૈયાવચ્ચ વિભાગના સંકલનના આધારે)

# રંગીલા રાજસ્થાનની ધરતીનું રળિયામણુ તીર્થધામ રાણકપુર

ઉત્કૃષ્ટ કલા અને સૌદર્યથી વિભૂષિત એવુ રાણકપુર તીર્થ રાજસ્થાનમાં આવેલું છે. રાજસ્થાન ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલું રાજ્ય છે. રાજસ્થાનનો અર્થ છે રાજાઓનું કે રાજપૂતોનું પોતાનું વતન. રાજસ્થાનનો ઈતિહાસ શૌર્ય, શીલ, ક્ષમા,સ્વાર્પણ ધરાવતાં વીરો અને વીરાંગનાઓનો ઉજ્જવળ ઈતિહાસ છે. એની આગવી સાંસ્કૃતિક પરંપરાને કારણે સમગ્ર ભારતમાં આ રાજ્યની ઓળખ તદ્દન નિરાળી છે. એની પાસે પ્રાચીન અને મધ્યકાલીન યુગનો સમૃદ્ધ કલાવારસો છે.

રાજસ્થામાં આવેલું શ્રી રાણકપુર તીર્થ જોધપુરથી ૧૬૦ કિ.મી., ઉદેપુરથી ૮૯ કિ.મી., ફાલનાથી ૩૨ કિ.મી., અને સાદડીથી આઠ કિ.મી. દૂર આવેલું છે. આ તીર્થ અરવલ્લીની પશ્ચિમ બાજુથી ખીણમાં સઘન વનરાજીથી વીંટળાયેલુ છે. રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલું આ રાણકપુર તીર્થ એની અનુપમ કલાસમદ્ધિને કારણે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

ત્રિભુવનદીપક દેવમહાલયના નિર્માતા ધરણશાહ રાજસ્થાનના નાંદિયા ગામના મૂળ વતની અને મેવાડના માલઘાટના રહેવાસી હતા. કુરપાળ અને માતા કામલદેના પુત્ર ધરણશાહને પરિવાર પાસેથી ધાર્મિક સંસ્કારો અને હૃદયની ઉદારતાનો વારસો સાંપડયો હતો. પોરવાડ જ્ઞાતિના ધરણાશાહની પત્નીનું નામ ધારલદે હતું. તેમને જાખા અને જાવડ નામે બે પુત્રો હતા. ધરણાશાહના મોટાભાઈનું નામ રત્નાશાહ અને એમની પત્નીનું નામ રત્નાદે હતું. એમને લાખા, માના, સોના અને સાલિગ- એમ ચાર પુત્રો હતા.

એક દંતકથા મુજબ એક વખત માંડવગઢના મુસલિમ બાદશાહનો પુત્ર ગજનીખાં પોતાના પિતાથી રિસાઈને રાજ્ય છોડીને રાજપૂતાનામાં થઈને પસાર થતો હતો. આ બંને ભાઈઓએ એને સમજાવીને ત્રણલાખ રૂપિયા આપ્યા અને પિતાની પાસે પરત મોકલ્યો, આથી શહેનશાહ ખુશ

થયા અને બંને ભાઈઓને બોલાવી ને દરબારમાં સ્થાન આપ્યું. પરંતુ થોડા સમય પછી ગજનીખાં જ્યારે રાજા બન્યો ત્યારે કોઈની કાન ભંભેરણીથી દોરવાઈને કાચા કાનના બાદશાહે તેમને કેદ કર્યા. આ સમયે જુદી-જુદી જાતના ચોર્યાસી સિક્કાઓનો દંડ ભર્યા પછી મુક્ત થયા અને પોતાના વતનમાં પાછા ફર્યા. હવે બંને બંધુઓને તેમના વતન-નાંદિયામાં રહેવું યોગ્ય ન લાગ્યું, આથી તેઓ રાણકપુરની દક્ષિણે આવેલા પાલગઢમાં જઈને વસ્યા.

ધરણશાહ અને રત્નાશાહ ખૂબ બુદ્ધિશાળી અને મુત્સદ્દી હતા. તેમની કીર્તિ સાંભળીને મેવાડના રાણાએ (સંભવતઃરાણા મોકલ અને તે પછી રાણા કુંભાએ પણ) તેમને પોતાની રાજસભામાં સમ્માન આપ્યું હતું. એટલું જ નહિ પણ તેમની બાહોશી જોઈ તેમને મંત્રીપદે સ્થાપ્યા હતા.

આચાર્ય સોમસુંદરસૂરિજી મહારાજની પ્રેરણાને પરિણામે એમણે અહીં જિનમંદિર બાંધવાનો સંકલ્પ કર્યો . એ માટે રાણા કુંભા પાસે જમીન માગી. રાણા કુંભાએ અરવલ્લી ટેકરીઓની નાની ખીણમાં મઘાઈ નદીના કિનારે આવેલી જંગલની જમીન આપી. રાણાએ એવી સલાહ આપી કે જિનમંદિરની સાથોસાથ ગામ પણ વસાવવામાં આવે. ધરણાશાહે આનંદભેર આ માંગણી મંજૂર રાખી. પંદરમા શતકના દ્વિતીય ચરણમાં ધરણાશાહે આ જમીન પર જિનાલયનું નિર્માણ કર્યું. નગરનું નામ રાણાના નામ પરથી પાડવામાં આવ્યું. આથી એનું નામ રાણપુર રાખ્યું હતું. એ પછી જનસમુદાયની જીભે આ નગરના નામોનો જુદો ઉચ્ચાર થવા લાગયો. કોઈ રાણપુર, કોઈ રાણીગપુર, કોઈ રાણીકપુર તો કોઈ રાણકપુર કહેતું હતું. આમાં રાણકપુર નામ વિશેષ પ્રચલિત બન્યું અને આજે એ નામ પ્રસિદ્ધ છે. આજે રાણકપુરમાં ત્રણ જિન મંદિરો છે.

મંત્રીશ્વર ધરણાશાહે જિનમંદિર સર્જવા માટે અત્યંત પ્રાકૃતિક રમ્ય વાતાવરણ પસંદ કર્યું. એક બાજુ જિનમંદિર માટે સમથળ મજબૂત જમીન

અને બીજી બાજુ એની આસપાસનું પ્રકૃતિનું સુરમ્ય વાતાવરણ. એક બાજુ નાનકડી મઘાઈ નદી વહેતી હોય અને બીજી બાજુ વિંધ્યાચળ અરવલ્લીનાં ડુંગરો હોય. એની વચ્ચે માદ્રી પર્વતની તળેટીની જગા જિનમંદિર માટે પસંદ કરી. ત્રણેય બાજુએ આવેલી ઉંચી ટેકરીઓથી જિનમંદિરની રમણીયતા અને એની મોહકતા વધી

રાણકપુર તીર્થની બહાર સૂર્યનારાયણનું મહારાણા કુંભાએ બંધાવેલું મંદિર છે. એની પાસે 'ભાંગરિયા ખેલોજી ' ને નામે ઓળખાતું ભૈરવનું સ્થાન છે. આ તીર્થની દક્ષિણ બાજુએ એક પહાડી પર નાનો સરખો મહેલ નજરે પડે છે. દક્ષિણ દિશા તરફના પહાડી જંગલમાં થઈને મેવાડ તરફ જવાનો રસ્તો છે. ઉત્તર દિશાની પહાડીમાં રાણા કુંભાએ વસાવેલો કુંભલગઢનો પ્રસિદ્ધ કિલ્લો દેખાય છે.

રાણકપુર તીર્થના ત્રણ જિનમંદિરોમાં પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનનું ચૌમુખ મંદિર 'ધરણવિહાર' તરીકે ઓળખાય છે.

ધરણાશાહે શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢીને યાત્રા કરી હતી. અહીં ઋષભદેવ ભગવાન સમક્ષ બત્રીસ વર્ષની યુવાન વયે જુદા-જુદા બત્રીસ નગરોના એકત્ર થયેલા શ્રી સંઘો તરફથી સંઘતિલક કરાવી, ઈંદ્રમાળ પહેરી આજીવન બ્રહ્મચર્ય વ્રતની બાધા લીધી હતી. આચાર્ય સોમસુંદરસૂરિના શિષ્ય પ્રતિષ્ઠાસોમ એમના 'સોમસૌભાગ્યકાવ્ય'માં કહે છે કે આચાર્ય સોમસુંદરસૂરિના વ્યાખ્યાનમાં જિનપ્રતિમા ભરાવવાથી અને જિનાલય બંધાવવાથી થતા પુણ્યફળનું વર્ણન સાંભળીને ધરણાશાહને ઉન્નત અને મનોહર જિનમંદિર બાંધવાની અભિલાષા ઉત્પન્ન થઈ.

એક એવી કિંવદંતી છે કે દેવી ચક્રેશ્વરીમાતાએ એક દિવસ સ્વપ્નમાં ધરણાશાહને બારમા દેવલોકના 'નલિની ગુલ્મ વિમાન'નું દર્શન કરાવ્યું. એ દિવસથી ધરણાશાહના હૃદયમાં એક જ તીવ્ર ભાવના જાગી કે નલિની ગુલ્મ વિમાન જેવું જિનાલય આ પૃથ્વી ઉપર બાંધવું . મંત્રી ધરણાશાહે એ

સમયના પ્રખર આચાર્યશ્રી સોમસુંદરસૂરિજી મહારાજ પાસે જઈને એમણે જોયેલા સ્વપ્નનું વર્ણન કર્યું અને જિનાલય બાંધવાનો સંકલ્પ વ્યક્ત કરીને આચાર્યશ્રીના આશીર્વાદ મેળવ્યા.

નલિનીગુલ્મ દેવવિમાન જેવું મંદિર આરસપહાણમાં કંડારી શકે તેવો કસબી જોઈએ.આખરે મુંડરા ગામના રહેવાસીના દેપા નામના શિલ્પીને બોલાવવામાં આવ્યાં. ધરણા શેઠના પ્રતિષ્ઠાના શિલાલેખમાં આના શિલ્પી તરીકે 'સૂત્રધાર દેપાક' નામ મળે છે. આ દેપાને માટે શિલ્પકલા એ આરાધના હતી; શિલ્પનિર્માણ એ સાધના હતી. શિલ્પકૃતિ એ ઉપાસના હતી. એનો નિયમ હતો કે હંમેશા ઉત્કૃષ્ટ શિલ્પકૃતિ જ રચવી, વળી દેરાસર બંધાવનાર વ્યક્તિ ધર્મનિષ્ઠ હોય તો જ, એનું કાર્ય હાથમાં લેવું.

મંત્રી ધરણાશાહની પવિત્ર જીવનશૈલી અન દૃઢ ધર્મપરાયણતાથી દેપા શિલ્પી પ્રસન્ન થયા. એમણે આ કાર્ય સ્વીકાર્યું. તેઓ વારંવાર ધરણાશાહ પાસે આવીને બેસતા હતા અને મંત્રી જિનાલયનું વર્ણન આપે એ નોંધી લેતા હતા. એ પછી દેપા શિલ્પીએ નકશાઓ તૈયાર કરવા માંડ્યા. મંત્રી ધરણાશાહને એક નકશો આબેહૂબ નલિનીગુલ્મ વિમાન જેવો લાગ્યો. ધરણાશાહનો અદ્‌ભુત ધર્મમનોરથ સહુ જાણતા હતા. પરંતુ આવા વિશાળ નિર્માણ માટે તેની આર્થિકસ્થિતિ વિશે ઘણાને શંકા હતી. કેટલાક શિલ્પીઓના કહેવાથી દેપાએ એની ચકાસણી કરવાનું વિચાર્યું અને તેથી જિનમંદિરના પાયા માટે સાત પ્રકારની ધાતુઓ, કસ્તૂરી અને બહુમૂલ્ય વસ્તુઓ મંગાવી. ધરણાશાહે તત્કાળ તે સઘળી વસ્તુઓ હાજર કરી દીધી. આ શિલ્પીઓને કબંધ (કિમતી કમરબંધ) પહેરાવી ધરણાશાહે ખુશ કર્યા. તમામ શિલ્પી કારીગરો અને મજૂરોની જરૂરિયાતો પૂરી પાડવા માટે તમામ સગવડો ઉભી કરી દીધી અને જોતજોતામાં 'જંગલમાં મંગલ'ની પ્રતીતિ કરાવતા એ સેંકડો શિલ્પીઓના ટાંકણાના અવાજથી આ પ્રદેશ ગૂંજવા લાગ્યો અને આરસપહાણમાં મનોરમ કૃતિ-આકૃતિ સર્જાવા લાગી.

શિલ્પીઓએ ઘડેલા પથ્થરોથી પીઠબંધ સ્થાપી, તેના પર ત્રણ ભૂમિવાળી રચના કરીને મંડપો ઉભા કર્યા અને(અંતરંગ) પૂતળીઓ અને કોરણીથી સુશોભિત કરી, ચારે બાજુ ઉજ્જવળ ભદ્રપ્રાસાદો કર્યા અને મંદિરોને 'ત્રૈલોક્યદીપક' નામ આપ્યું.

૧૫માં શતકના ઉતરાર્ધમાં રચાયેલા વાસ્તુશાસ્ત્રના ગ્રંથ 'વૃક્ષાર્ણવ' માં મોટી માંડણી ધરાવતા તથા ચારે બાજુ મેઘનાદ મંડપોવાળા ચતુર્મુખ જૈનપ્રાસાદના એક પ્રકારને ત્રૈલોક્યદીપક કહ્યો છે.

અઢી હજારથી વધુ કારીગરો આ મંદિરની રચના માટે કામ કરતા રહ્યા અને પાંચ, દસ કે પચ્ચીસ વર્ષ નહીં, પરંતુ એના નિર્માણકાર્યમાં પચાસ વર્ષ પસાર થઈ ગયાં. કેટલાકના કહેવા પ્રમાણે તો ૬૨ કરતાં પણ વધુ વર્ષ લાગ્યાં.

વિ.સં. ૧૪૯૬માં શ્રી રાણકપુર તીર્થના મંદિરની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. હજી મંદિરનું કામ ચાલુ હતું. પરંતુ મંત્રી ધરણાશાહ અને આચાર્ય સોમસુંદરસૂરિ વયોવૃદ્ધ થયા હતા અને એમના જીવનકાળમાં એમનું સ્વપ્ન સાકાર થતું જુએ તેવો સહુનો ભાવ હતો.

યુગપ્રધાન તપાગચ્છાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના હાથે મંદિરની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કર્યો. સંઘવી ધરણાશેઠની વિનંતીથી એ કાળના મહાન આચાર્ય શ્રી સોમસુદરસૂરિ રાણકપુર તીર્થમાં પધાર્યા અને શ્રેષ્ઠી ધરણાશાહે બંધાવેલી ૮૦ સ્તંભોયુક્ત પૌષધશાળામાં ઉતર્યા. આચાર્યશ્રી સોમસુંદરસૂરિજી સાથે ૫૦૦ સાધુઓનો પરિવાર હતો, જેમાં ચાર સુરિવરો અને નવ ઉપાધ્યાયો વગેરે હતા.આ પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં.૧૪૯૬ના ફાગણ વદ-૫ ના દિવસે ઉજવાયો. એ સમયે શ્રેષ્ઠિ ધરણાશાહે ગરીબોને ખૂબ દાન આપ્યું. પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે જનોપયોગી કાર્યો પણ કર્યા. આ સૂકા પ્રદેશમાં પાણીની અછત ઓછી કરવા માટે કૂવા, વાવ અને તળાવ ખોદાવ્યાં અને હૈયાના ઉમંગથી સાધર્મિક વાત્સલ્ય કર્યા.

રાણકપુરના મંદિરના સં.૧૪૯૬ના એક શિલાલેખ ઉપરથી જણાય છે કે ધરણાશાહે આ મંદિર સિવાય અજારી, પિંડવાડા, સાલેર આદિ સાત ગામોમાં નવાં સાત જિનાલયો બંધાવ્યાં અને અનેક જિનમંદિરનો પુનોરુદ્ધાર કરાવ્યો. પિંડવાડાના મંદિરના મૂળનાયક ઉપર સં. ૧૪૬૫નો શ્રેષ્ઠી ધરણાશાહનો લેખ અત્યારે પણ એ ધર્મપરાયણ શ્રેષ્ઠીની ભાવનોનો આલેખ આપે છે.

શ્રેષ્ઠિ ધરણાશાહે સર્વસ્વ સમર્પણ કરીને ભાવના સાકાર કરી. ધરણાશાહને એમની અંતિમ ઘડીઓમાં જિનમંદિરનું થોડું બાકી રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન એમના મોટાભાઈ રત્નાશાહે આપ્યું હતું. દીર્ઘાયુષી રત્નાશાહે ધરણાશાહના અવસાન પછી આઠ-દસ વર્ષ સુધી કલાત્મક મંડપોનું કમનીય શિલ્પકાર્ય કરાવ્યું અને આ તીર્થની શોભામાં વધુ પૂર્ણતા આણી.

મંદિરના મંખ્ય પ્રવેશદ્વારની ઉપરના ભાગમાં એક હાથીની પાછળ બીજા હાથીની આકૃતિ છે અને તેના ઉપર ધરણાશાહ અને તેમનાં પત્ની તથા રત્નાશાહ અને તેમનાં પત્ની એમ ચારેયની શિલ્પાકૃતિ જોવા મળે છે. આ શિલ્પાકૃતિ પણ કેવી છે.તેઓ ભગવાનની સન્મુખ બેસીને ચૈત્યવંદન કરતાં હોય એવી મુદ્રામાં અને હા, નાનાભાઈ ધરણાશાહની ભાવના પૂર્ણ કરનાર મોટાભાઈ રત્નાશાહની એક જુદી મૂર્તિ મંદિરના દક્ષિણ દિશાના પ્રવેશદ્વાર પાસે પણ મળે છે.

રાણકપુર એટલે સ્તંભોનુ નગર. શ્રેષ્ઠી ધરણાશાહે ચતુર્મુખ જિનપ્રસાદ રચવાનો વિચાર કર્યો અને આ ચતુર્મુખ જિનપ્રસાદ રચવા માટે ઉંચી દેવકુલિકાઓ રચવી પડે. વળી આ જિન મંદિરનું શિખર એટલું ઉંચુ છે કે એના પથ્થરોનો બોજ ઝીલવા માટે વધું સ્તંભો જોઈએ. આથી આ જિનમંદિરમાં ૧,૪૪૪ સ્તંભોની અનુપમ રચાના કરી. વળી, આ સ્તંભરચના એવી છે કે સ્તંભો ખીચોખીચ ભરાયેલા જણાતા નથી અને તેમ છતાં

મંદિરમાં પ્રવેશતાં ભાવિકજન ને આટલી વિશાળ સંખ્યા ખટકતી નથી, પણ જિનમંદિરની રમ્યતા તથા ભવ્યતાની હૃદયંગમ વૃદ્ધિ કરે છે.

આ સ્તંભો આડી અને ઉભી એવી જુદી જુદી હારમાં એવા યોજનાપૂર્વક ગોઠવવામાં આવ્યા છે કે જેથી આ આખાય મંદિરમાં કોઈ પણ સ્થળે ઉભેલા દર્શનાર્થી ને વિના અવરોધે એક નહીં, તો બીજી દિશામાં તીર્થંકર ભગવાનના અચૂક દર્શન થયા વગર રહે નહીં. આમ આ સ્તંભો એક બાજુ સ્થાપત્ય- સૌંદર્યનો અનુભવ કરાવે છે. તો બીજી બાજુ પ્રભુદર્શનમાં ક્યાંય અંતરાયરૂપ બનતા નથી.

અત્યંત બારીક અને કલામય તથા એક જ પથ્થરમાંથી બનાવેલાં મનોહર તોરણો આ જિનમંદિરની અનોખી વિશેષતા છે. અત્યારે મંદિરના સભામંડપમાં આવાં ત્રણ તોરણો છે, પરંતુ એક સમયે મંદિરની રચના થઈ ત્યારે ૧૦૮ કે ૧૨૮ તોરણ હશે, એ સ્તંભોની કલાસમૃદ્ધિ કેટલી ઉત્કૃષ્ટ હશે!

મુખ્ય મંદિરના ગભારામાં ચારે દિશામાં પરિકર સાથેની ઋષભદેવ ભગવાનની પાંચ ફુટ ઉંચી, શ્વેત આરસની ચાર સુંદર મનોહર પ્રતિમાઓ નજરે પડે છે. એની ત્રણ દિશામાં હાથી પર મરુદેવી માતાની રચના કરવામાં આવી છે.

મંદિરની વિશાળતાં અને ઉંચાઈને લક્ષમાં રાખીને એના સભામંડપની રચના અનોખી રીતે કરવામાં આવી છે. સભામંડપ એના નામને સાર્થક કરે તેવા અદ્વિતીય છે.

અહીં મુખ્ય રંગમંડપમાં એક ઘુમ્મ્ટ સોળ સ્તંભ ઉપર કરવામાં આવ્યો છે. જે મુખ્ય ઘુમ્મટ છે તેમાં નવગ્રહ તથા સોળ વિદ્યાદેવીઓની મૂર્તિઓ ગોઠવવામાં આવી છે. તેમજ અતીત, વર્તમાન અને અનાગત એમ ત્રણ ચોવીશીના કુલ બોતેર તીર્થંકરોની નાની પ્રતિમા વર્તુળાકારે કોતરવામાં આવી છે. આ મેઘમંડપની ઉંચાઈ ચાલીસ ફૂટથી વધારે છે અને એના એક

સ્તંભમાં ધરણાશાહની નાની સરખી દસેક ઈંચ જેટલી શિલ્પાકૃતિ કોતરવામાં આવી છે. વચ્ચે કેટલાક સ્તંભો આવ્યા છે, પરંતુ નાનીશી જગામાંથી ધરણાશાહની દૃષ્ટિ સીધી ભગવાન પર પડે તેવું આયોજન છે. જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનની સ્થાપના હોય ત્યાં રાયણવૃક્ષ પણ હોય. આ મંદિરના અંદરના ભાગમાં ગર્ભદ્વાર અને ભમતીની વચ્ચે એક સ્થળે રાયણપગલાંની રચના છે અને ત્યાં રાયણવૃક્ષ ઉગાડવામાં આવ્યું છે. ગર્ભગૃહની બહારના શિલાપટ્ટમાં ગિરનાર, શત્રુંજય વગરે તીર્થોની કોતરણી મળે છે. જ્યારે આ જિનમંદિરને નદીશ્વર દ્વીપના અવતાર જેવું બનાવવા માટે મુખ્ય ગર્ભગૃહ સાથે ચાર દિશામાં વિશાળ ઉજ્જવળ મહાપ્રાસાદ (ભદ્રપ્રાસાદ) બનાવવામાં આવ્યા છે.

મંદિરની શિલ્પાકૃતિઓમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની શિલ્પાકૃતિ અનુપમ છે લગભગ સાડાચાર ફૂટના વ્યાસવાળી અખંડ વર્તુળાકાર શિલામાં કોતરાયેલી આ આકૃતિની વચ્ચે પાર્શ્વનાથ ભગવાન કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા છે. એમની આજુબાજુ ધરણેન્દ્ર અને પદ્માવતી છે. એમાં સહસ્ત્રફણા (૧૦૦૦ ફણાવાળા) નાગનું છત્ર પાર્શ્વનાથ ભગવાનનું મસ્તક ઢંકાય એવી રીતે ઉપસાવવામાં આવ્યું છે. આ શિલ્પાકૃતિ મૌલિક, સમપ્રમાણ, કૌતુકમય, ભક્તિભાવથી સભર અને કલાકૃતિના એક અદ્વિતીય ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે.

મંદિરના ઉપરના મજલે ઘુમ્મટની છતમાં ફૂલવેલની આકૃતિ જો જોઈએ તો એમા વેલની નાનીમોટી વર્તુળાકાર જુદી-જુદી હાર જોવા મળે છે. પણ ધારીને જોઈએ તો એક જ વેલની આ સળંગ આકૃતિ છે.

આ મંદિરની દક્ષિણ દિશાના ઉપરના ભાગે આવેલી શિલાઓમાં નંદીશ્વરદ્વીપની યંત્ર આકારે થયેલી કોતરણી જોવા મળે છે. મંદિરમાં આવેલી કીચકની આકૃતિ તરત નજરે પડે છે, અમાં એક મુખ અને એનાં જુદાં જુદાં શરીરો છે. આવા પંચશરીરી વીરની આકૃતિ અન્યત્ર પણ જોવા મળે છે.

આ જિનમંદિરમાં નાગદમનની અત્યંત મનમોહક આકૃતિ મળે છે. મંદિરમાં ગર્ભદ્વારની ડાબી અને જમણી બાજુએ બે વિશાળ ઘંટ છે. અઢીસો-અઢીસો કિલોગ્રામના વજન ધરાવતા આ ઘંટ વગાડતાં થતો ઓમકારનો રણકાર ત્રણેક કિલામીટર દૂર સુધી સાંભળી શકાય છે. આમાં એક ઘંટ નર-ઘંટ છે, તો બીજો ઘંટ માદા-ઘંટ છે. બંને ઘંટ વારાફરતી વગાડીને એના અવાજની ઓળખ કરવાથી આ જાતિભેદ સમજાય છે. વળી જ્યારે આરતીના સમયે બંને ઘંટ જોરથી વાગતા હોય ત્યારે એનો ધ્વનિ સાવ ભિન્ન વાતાવરણ સર્જે છે. આ બંને ઘંટ પર મત્રાક્ષરો ઉપરાંત યંત્રાકૃતિઓ કોતરવામાં આવી છે.

મોગલ સમ્રાટ અકબરમાં ધાર્મિક ઉદારતા હતી અને જૈનાચાર્યશ્રી હીરવિજયસૂરિના ઉપદેશનો એના જીવન પર ઘણો પ્રભાવ પડતો હતો. આચાર્યશ્રીને એ જગતગુરુ માનતો હતો. આચાર્ય શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી વિ.સં. ૧૬૫૧માં અમદાવાદનો સંઘ રાણકપુરની યાત્રાએ આવ્યો અને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો એની સ્મૃતિ રૂપે એક સ્તંભમાં અકબર બાદશાહની આકૃતિ સાથે સ્પષ્ટ શિલાલેખ મળે છે.

આ મંદિર નલિનીગુલ્મ વિમાન તરીકે પણ ઓળખાય છે. પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનની ચાર પ્રતિમાઓ (ચોમુખી) તરીકે બિરાજમાન છે અને મંદિરને ચાર દ્વાર છે. એટલે તે ચતુર્મુખજિનપ્રસાદ તરીકે ઓળખાય છે. આચાર્ય વિશાલસુંદરસૂરિ પોતાના સ્તવનમાં આને 'ચૌમુખ ધરણવિહાર' કહે છે. મૂળનાયક ઋષભદેવ હોવાને કારણે આચાર્ય જ્ઞાનવિમલસૂરિ એને 'ઋષભવિહાર' કહે છે અને અન્યત્ર 'ત્રિભુવન તિલક'નામ આપે છે. વળી, નંદીશ્વર દ્વીપના અવતાર જેવું એને ત્રણેય લોકમાં દેદીપ્યમાન એવું આ મંદિર 'ત્રૈલોક્યદીપક'તરીકે પણ જાણીતું છે. આ અનુપમ જિનમંદિરની પ્રતિષ્ઠા થઈ તે સમયના શિલાલેખોમાં 'શ્રી ચતુર્મુખયુગાદીશ્વર વિહાર' અને 'ત્રૈલોક્યદીપક' એવાં નામ મળે છે.

૧૮મા સૈકામાં રાણકપુર તીર્થની યાત્રાએ આવેલા આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિએ રાણકપુર તીર્થસ્તવનમાં કહ્યું છે. 'નલિની ગુલ્મ વિમાનની માંડણીવાળું આ મંદિર બહું ઉંચું છે. પાંચ મેરુ, ચારે તરફ મોટો ગઢ, બ્રહ્માંડ જેવી બાંધણી, ૭૪ દેરીઓ, ચારે તરફ ચાર પોળો, ૧૪૪૪ થાંભલા, એકએક દિશામાં બત્રીસ-બત્રીસ તોરણો, ચારે દિશાએ ચાર વિશાળ રંગમંડપો, સહસ્રકૂટ, અષ્ટાપદ, નવ ભોંયરાં અને અનેક જિનબિંબ , રાયણની નીચે ચરણપાદુકા, અદબદમૂર્તિ વગેરે યુક્ત ત્રણ માળનું આ મંદિર છે. અહીં ૩૪૦૦૦ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.' એ જ સૈકાના પૂ.શ્રી સમયસુંદર ગણિ અને શ્રી જ્ઞાનવિમલસૂરિના આ વર્ણન ઉપરથી મંદિરની વિશાળતા, ઉન્નતતા અને ભવ્યતાનો પરિચય મળી રહે છે.

આ જિનમંદિરના બાંધકામમાં આજથી સાડા પાંચસો વર્ષ પૂર્વે ૯૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. એક હસ્તપ્રતમાં નોંધ મળે છેઃ "ધન્નાશાહ પોરવાડ નિન્નાણુ લખ દ્રવ્ય લગાયો."

આ મંદિરમાં જેમ ૮૪ દેવકુલિકાઓ છે તેમ ૮૪ ભોંયરાં પણ હતાં એમ મનાય છે.

## શ્રી નેમિનાથ ભગવાનનું જીનાલય

ઘરણવિહારની પશ્ચિમ બાજુએ નેમિનાથ ભગવાનનું શિખરબંધ દેરાસર છે. એમાં પરિકર સહિતની નેમિનાથ ભગવાનની બે ફૂટ ઉંચી શ્યામવર્ણી પ્રતિમા છે. આ સિવાય નાની મોટી પાંત્રીસેક પ્રતિમાઓ અહીં મળે છે. આ મંદિરમાં પરિકરની રચના અને બહાર દેવાંગનાઓ વગેરેની આકૃતિઓ સૂક્ષ્મતાથી કંડારેલી છે. સોલંકી યુગમાં અને તે પછી પંદરમા શતકમાં અન્યત્ર જોવા ન મળે એવા આકારક્ષમ અને ઘણા ઉંડાણવાળા ગવાક્ષ આ મંદિરમાં છે. આ મંદિરનો ગવાક્ષ એ એની વિશેષતા છે. એનું દ્વાર પૂર્વાભિમુખ છે.

# શ્રી પાર્શ્વનાથ ભગવાન જિનાલય

ધરણ વિહારના પશ્ચિમ દ્વારની બાજુમાં ભગવાન પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય છે. એના કર્તા તરીકે શ્રાવક સોમલ પોરવાડનું નામ મળે છે. મંદિરના સ્થાપત્ય પરથી જણાય છે. કે ધરણવિહાર બંધાયો તેની આસપાસના સમયમાં આ મંદિર બંધાયું હોવું જોઈએ.

સુંદર રીતે અલંકૃત અને સમપ્રમાણ એવા આ મંદિરના ગવાક્ષો અને ઝરૂખાઓ ખૂબ આકર્ષક છે. જોકે આ મંદિર બહારથી જેટલું કલાત્મક અને આભૂષિત લાગે છે તેટલુ અંદરથી તદ્દન સાદું છે. આમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. આ ઉપરાંત સભામંડપની બંને બાજુએ જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

મંત્રીશ્વર ધરણાશાહે કરેલી રાણકપુર મંદિરની પ્રતિષ્ઠા પછી એની પ્રશસ્તિમાં લખાયેલાં સ્તવનોમાં ૩૪૦૦૦ જિન પ્રતિમાનો ઉલ્લેખ મળે છે.

વિ.સં.૧૬૭૯માં ધરણાશાહના વંશજોએ ફરી પાછા જીર્ણ થયેલા આ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને તત્કાલીન તપાગચ્છીય આચાર્ય રી વિજય દેવસૂરિજીના વરદ હસ્તે પુનઃપ્રતિષ્ઠા કરાવી.

કાલચક્રની કરામત અજબ હોય છે. એક વાર જેની જાહોજલાલી હોય તે ક્યારેક જીર્ણ હાલતમાં વેરાન બની જાય છે. એમ કહેવાય છેકે મુખ્ય મંદિરની રચના પછી બસો વર્ષે રાણકપુર તૂટ્યું. મોગલસમ્રાટ ઔરંગઝેબના સમય દરમિયાન એનું લશ્કર આ પ્રદેશમાંથી પસાર થતું હતું અને તેણે ધરણવિહારને ઘણું નુકશાન પહોંચાડ્યું. એ પછી આ પ્રદેશમાં દુષ્કાળના ઓળા પથરાતાં આસપાસની વસ્તી નજીકનાં શહેરોમાં સ્થળાંતર કરી ગઈ. આ તીર્થની આસપાસ ગીચ ઝાડી ઉગી ગઈ. એના રસ્તાઓ વિકટ બન્યાં. જંગલી પશુઓ અને પુષ્કળ સર્પોને કારણે આ પ્રદેશમાં ભાગ્યે જ કોઈ આવતું .

અવાવરું બનેલું મંદિર દિવસે ચામાચિડિયાંઓને રહેવાનું અને રાત્રે ચોર-ડાકુઓને છુપાઈ રહેવાનું સ્થાન બન્યું. લોકો તીર્થની યાત્રએ આવતા બંધ થયા અને ધીરે ધીરે પૃથ્વી પરનું સ્વર્ગ ગણાયેલું આ જિનમંદિર

સાવ નિર્જન બની ગયું. સલામતી શોધનારા લોકો અહીંથી દૂર ચાલ્યા ગયા અને આવે સમયે આવાં દેવસ્થાનોની સંભાળ લેવાની હિંમત કરવી પણ મુશ્કેલ હતી. ભવ્ય મંદિરો અને પવિત્ર મંત્રોચારથી ગુંજતુ આ સ્થાન ચામાચીડિયાં અને કબૂતરોનું નિવાસ સ્થાન બન્યું. એક સમયે કેસર,ધૂપ અને પુષ્પોની સુવાસ આસપાસના વાતાવરણને ભરી દેતી હતી ત્યાં પક્ષીઓની હગારની દુર્ગંધ ફેલાવા લાગી,આ મહાન જિનમંદિરનાં દ્વારો, સ્તંભો અને પાટડાઓ પર એટલો બધો મેલ ચડી ગયો કે તે આરસના છે તેવું પણ લાગે નહીં. મંદિરમાં ઠેર ઠેર ગાબડાં પડી ગયા. ઘુમ્મટ અને છતમાંથી પાણી પડવા લાગ્યું. નીચે પાથરેલી લાદી ઉંચી-નીચી થઈ ગઈ. સ્તંભો અને પાટડાઓમાં તિરાડો પડતાં આ નલિનીગુલ્મ વિમાનની શોભા નષ્ટ થઈ ગઈ.

એક સમયે જેની ભવ્યતા, રમણીયતા અને કલાત્મકતા હજારો યાત્રાળુઓ અને પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરતી હતી, એ મંદિર સાવ વેરાન બની ગયું.

એકવાર અમદાવાદના શેઠ હેમાભાઈ નગરશેઠ સંઘ કાઢીને સાદડી ગામમાં આવ્યા હતા. અને ત્યાંથી રાણકપુર જવા માગતા હતા. રાણકપુરની આવી કપરી- કફોડી દશા જોઈને એમનું હદય દ્રવી ગયું. એમણે તત્કાળ આ પાવન સ્થળને ડાકુ-લુટારાઓથી બચાવવા માટે આરબ રક્ષકોની ભરતી કરી. આ પ્રદેશને સ્વચ્છ કરાવ્યો અને જિનાલયની આસપાસ સુરક્ષા માટે દીવાલ ઉભી કરી. યાત્રાળુઓ વિના કનડગતે આવી શકે તે માટે સાદડીથી રાણકપુરના રસ્તે ઠેર ઠેર ચોકીદારો રાખ્યા.

વિ.સં.૧૯૫૩/ઈ.સ. ૧૮૯૭માં સાદડી સંઘે રાણકપુર તીર્થનો વહીવટ તેજસ્વી અને દીર્ઘદ્રષ્ટા શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે કાર્યરત શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોંપ્યો.

શાસનસમ્રાટ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની સલાહ અને આજ્ઞા લઈને જીર્ણોદ્ધારના ધર્મકાર્યની શરૂઆત કરી. આ માટે એમણે

એ સમયના કુશળ શિલ્પીઓની સાથોસાથ આધુનિક સ્થાપત્ય વિજ્ઞાનના ઉત્તમ જાણકારોનો પણ લાભ લીધો. ધ્રાંગધ્રાના વતની શ્રી દલછારામ ખુશાલદાસને આ કાર્યની સોંપણી કરવામાં આવી. સોનાણાની ખાણોના પથ્થરો પર બસ્સો જેટલા કારીગરો અને સેંકડો મજૂરો જીર્ણોદ્ધારના કામમાં જોડાઈ ગયા. મુખ્ય દેરાસરના ચોમુખજી ભગવાનનું આરસનું પરિકર તદ્દન ખવાઈ ગયું હતું તે નવેસરથી તૈયાર કરાવ્યું. આજે મંદિરની બહાર દક્ષિણ બાજુએ આવેલું જુનું પરિકર પ્રાચીન સ્થાપત્યકલાનો ઈતિહાસ પૂરો પાડે છે.

ઝૂમ્મરો, મેઘનાદ મંડપ વગેરે ફરી ચેતવંતાં બન્યાં. આ રીતે ઈ.સ. ૧૯૩૩માં શરૂ થયેલું જીર્ણોદ્ધારનું કામ અગિયાર વર્ષ ચાલ્યું અને તેની પાછળ અગિયાર લાખ રુપિયા જેટલો ખર્ચ થયો. પરિણામે જંગલમાં મંગલ થાય તેમ સાવ ઉજ્જડ અને વેરાન બની ગયેલું ધરણવિહાર પુનઃ એનાં શિલ્પ, સૌંદર્ય અને ધર્મભાવનાનો ધર્મધ્વજ ફરકાવવા લાગ્યું.

વિ.સં. ૨૦૦૯(ઈ.સન.૧૯૫૩)માં પ.પૂ. વિજય ઉદયસૂરિજી મહારાજ સાહેબ તથા પ.પૂ. વિજયનંદનસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં ઐતિહાસિક રીતે યાદગાર એવો પુનઃપ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે એક લાખ કરતા પણ વધારે સંખ્યામાં ભાવુક ભક્તોની હાજરી હતી. આ પછી તીર્થમાં નવી ધર્મશાળાઓ તથા ભોજનશાળા વગેરે અનેક સુવિધાઓ કરવામાં આવી.

મંદિરથી થોડે દૂર તળાવ આવેલું છે જેમાંથી કાઢેલી નહેરો દ્વારા શિયાળુ અને ઉનાળુ પાક થાય છે. સંવત ૧૯૫૬ના દુષ્કાળ સમયે અહીં બંધ બાંધવામાં આવ્યો હતો.

રાણકપુર તીર્થમાં પ્રતિવર્ષ બે મેળાઓ યોજાય છે. આમાં ફાગણ વદ દશમ એટલે કે રાજસ્થાનની ચૈત્ર વદિ દશમના મેળામાં હજારો યાત્રાળુઓ એકઠા થાય છે. ચૈત્ર વદિ દશમના રોજ મૂળનાયક ઋષભદેવ ભગવાનના જિનાલયના શિખર પર ધરણાશાહના વંશજોમાંથી કોઈ પણ

એક ધજા ચડાવે છે. એમ કહેવાય છે કે ધરણાશાહ અને રત્નાશાહનું કુટુંબ પાલગઢથી સાદડી આવીને વસ્યું અને તે પછી તેઓ ઘાણેરાવ રહેવા આવ્યા. ધરણાશાહના પરિવારના વંશજો આજે ઘાણેરાવમાં રહે છે અને ધરણવિહારના શિખર પર ધજા ચડાવવાનો એમનો હક આજ સુધી અકબંધ રાખે છે. બાકીની ધજાઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી ચડાવવામાં આવે છે.

બીજે મેળો આસો સુદ તેરસના દિવસે ભરાય છે.

વળી આશ્ચર્યજનક હકીકત અને વિરલ યોગાનુયોગ એ છે કે રત્નાશાહના વંશજો આજે પણ ચૌદમી પેઢીએ નવી ધજા ચડાવે છે. પંદરમી સદીમાં સેવા-પુજા માટે ચિતોડથી પૂજારી (ગોઠી) લાવવામાં આવ્યા હતા. આજે એના વારસો પૂજારી તરીકે સેવાપૂજા કરે છે. તે જ રીતે શિલ્પી દેપાના વંશજો આજે દેરાસરના જીર્ણોદ્ધારનું કાર્ય સંભાળે છે. મંદિરની રાતદિવસની સુરક્ષા ચોકી કરનારની પણ આજે ચૌદમી પેઢી મળે છે. આ ચૌદ પેઢીઓના લોહીમાં વહેતી પરંપરા એમાં બસો વર્ષનો વચ્ચે અવરોધ આવ્યો હોવા છતાં જળવાઈ રહી છે.

આ તીર્થને જોવા માટે આજે ભારત ઉપરાંત અમેરિકા, જાપાન અને અન્ય ઘણા દેશોમાંથી યાત્રિકો, ભાવિકો અને પ્રવાસીઓ આવે છે. એની ઝીણી કોતરણી અને સૂક્ષ્મ સ્થાપત્ય આખાય વિશ્વને મંત્રમુગ્ધ કરે છે.

રાણકપુર માટે સુપ્રસિદ્ધ કવિ ઋષભદાસના શબ્દો

**"ગઢ આબૂ નવિ ફરસિયો**
**ન સુણ્યો હીરનો રાસ**
**રાણકપુર નર નવિ ગયો**
**ત્રિણ્યે ગર્ભવાસ"**

અને એક મજાની લોકવાયકા જેવું વાક્ય

**"કટકું બટકું ખાજે પણ રાણકપુર જાજે."**

આજે પણ વાતાવરણમાં ગૂંજે છે.

# રાણકપુર ખાતેની ધર્મશાળાઓ

## (૧) આરાધના ભવન - ઉપાશ્રય

(૧) સરદારમલજી વનેચંદજી બાફના આરાધના ભવન (જુની ધર્મશાળા)

## (૨) ધર્મશાળાઓ :

(૧) શેઠ જમાનાભાઈ ભગુભાઈ ધર્મશાળા ૧૨ રૂમો

(૨) શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ધર્મશાળા ૨૧ રૂમ તથા ૫ હોલ

(૩) શેઠ શ્રીમતી શાંતિબાઈ દેવરાજજી બાફના ધર્મશાળા ૬ રૂમો

(૪) શ્રીમતી ચંપાબાઈ પુખરાજજી અતિથિ-ભવન (વિશ્રાંતિગૃહ)

(૫) સાદડી નિવાસી શેઠ ફુલચંદજી ફૌજમલજી મંદુ સુંદેશા પરિવાર - રસોડાગૃહ (જુની ધર્મશાળા)

(૬) સાદડી નિવાસી સ્વ. શેઠ શ્રી મૂલચંદજી રૂપચંદજી સોલંકી - ભોજનગૃહ (જુની ધર્મશાળા)

## (૩) ભોજનશાળા તથા નવકારશી ગૃહ :

(૧) માતૃશ્રી શેષીબાઈ પન્નાલાલજી પીપાણાવાળા - ભોજનશાળા

(૨) સાદડી નિવાસી સ્વ. શેઠશ્રી મૂલચંદજી સોલંકી ભોજનગૃહ - (જૂની ધર્મશાળા)

(૩) માતૃશ્રી સ્વ. મગીબાઈ ભીખમચંદજી મરલેચા ભોજનગૃહ - નવકારશી ગૃહ

(૪) સાદડી રાજસ્થાન નિવાસી - માતૃશ્રી સ્વ. કંચનબાઈ કાલુરામજી નાણાવટી - રસોડા બ્લોક

(૫) સાદડી નિવાસી શેઠ શ્રી ફોજમલજી સુંદેશા પરિવાર - રસોડાગૃહ

## (૪) પરબ

(૧) સ્વ. અશોકજી નગરાજજી રાંકા, રાંકા જ્વેલર્સ (રાંકા ગ્રુપ પૂના) રાંકા પ્યાઉ નેમિનાથ પાણી પરબ

(૨) શ્રીમતી ગુલાબીબાઈ રતનચંદજી શિવરાજજી ધોકા
રતન પ્યાઉ (બગીચા પાસે પરબ)

(૩) સુપુત્ર સુરેશ, પ્રકાશ, પ્રવિણ, સંઘવી ઘાણેરાવ - પાર્વતી પ્યાઉ, (ઓફિસની બાજુની પરબ)

(૪) શ્રી પદયાત્રા સંઘ સ્મૃતિ વારિ-ગૃહ (ઉકાળેલા પાણીની રૂમ-જુની ધર્મશાળા ખાતે)

(૫) જાવંતરાજજી લાલચંદજી જલ કેન્દ્ર અને વિશ્રાંતિગૃહ
(મુખ્ય મંદિર સામે પરબ તથા વિશ્રાન્તિ ગૃહ)

**(૫) અન્ય :**

(૧) શ્રીમતી કેસરબાઈ ઝમકલાલજી ગાંધી હસ્તે
હર્ષ રાજેશકુમારજી રતલામ, S.T.D. રૂમ

(૨) કીકીબેન નિહાલચંદજી શાહ દવાખાનું

(૩) શેઠશ્રી નગરરાજજી કાલુરામજી પોરવાલ રતનપરિયા
ચૌહાન પરિવાર - પુલિસ ચોકી

(૪) શ્રેષ્ઠી માંગીલાલજી ચંદનમલજી સંઘવી વિશ્રાંતિ ગૃહ
(બસ સ્ટેન્ડ ઉપર)

(૫) શ્રેષ્ઠી કુંદનમલજી વાલચંદજી તલેસરા પુષ્પ ઉદ્યાન - બગીચો

(૬) સ્વ. રતનબાઈ નગરરાજકી રાંકા તથા સ્વ. મહેન્દ્ર નગરરાજજી રાંકા - જનરેટર રૂમ

(૭) લીલાવતીબેન લાલભાઈ સૂચના કેન્દ્ર

(૮) શ્રીમતી પાનબાઈ ઝવેરચંદજી કબૂતર ચૌક (કબૂતર-ચણ માટે)

**સંપર્ક સૂત્ર : આણંદજી કલ્યાણજી પેઢી**
**રાણકપુર તીર્થ, પોસ્ટ : સાદડી-૩૬૦ ૭૦૨,**
**જી. પાલી (રાજસ્થાન)**
**ધર્મશાળા ફોન નં. : (૦૨૯૩૪) ૨૮૫૦૧૯**
**મોબાઈલ : ૦૮૬૯૬૪૫૩૬૧૬**

# રાણકપુર માટે ઉપલબ્ધ ઐતિહાસિક ઉલ્લેખો/રચનાઓ

| ક્રમ રચના | રચનાકાર | વર્ષ |
|---|---|---|
| ૧. રાણકપુર ચતુર્મુખ પ્રાસાદ સ્તવન | કવિમેહ | વિ.સ.૧૪૯૯/ ઈ.સન્ ૧૪૪૩ |
| ૨. રાણકપુર ચતુર્મુખ પ્રાસાદ સ્તવન | રત્નશેખરસૂરિ | ઈ.સન્ ૧૪૫૦ થી ૧૪૭૫ |
| ૩. રાણકપુર સ્તવન | મુનિશ્રી જિનસોમ | ઈ.સન્ ૧૫મી સદીનો અંતભાગ |
| ૪. રાણકપુર સ્તવન | વિશાલસુંદર | ઈ.૧૬ સદીનો અંતભાગ |
| ૫. રાણકપુરમંડન શ્રી આદિજિન સ્તવન | મુનિ રામવિજય | ઈ.સન્ ૧૬-૧૭ મી સદી |
| ૬. રાણકપુર સ્તવન | ઉપા. સમયસુંદરજી | વિ.સ.૧૬૭૬, ઈ.સન્ ૧૬૨૦ |
| ૭. રાણકપુર સ્તવન | મુનિ વિજયપ્રભ | વિ.સ. ૧૭૧૫, ઈ.સન્ ૧૬૫૯ |
| ૮. રાણકપુર તીર્થનું સ્તવન | જ્ઞાનવિમલસૂરિ | વિ.સ. ૧૭૫૫, ઈ.સન્૧૬૯૯ |
| ૯. તીર્થમાળા | પં.શ્રીસૌભાગ્યવિજય | વિ.સ. ૧૭૫૫, ઈ.સન્ ૧૬૯૯ |
| ૧૦. રાણકપુરતીર્થ સ્તવન | ઉપા. ઉદયરત્નજી | વિ.સ. ૧૭૪૯ થી ૧૮૫૫ ઈ.સન્ ૧૬૯૩થી ૧૭૪૯ ? |
| ૧૧. સોમસૌભાગ્ય કાવ્ય | મુનિ પ્રતિષ્ઠાસોમ | વિ.સ. ૧૫૨૪, ઈ.સન્ ૧૪૬૮ |
| ૧૨. તીર્થમાળા | પંડિત શ્રી મહિમાવિજય | ઈ.સન્ ૧૭મી સદી |
| ૧૩. હીરસૂરિરાસ | ઋષભદાસ કવિ | વિ.સ.૧૬૬૪, ઈ.સન્ ૧૫૯૦ |
| ૧૪. તીર્થમાળા | જ્ઞાનવિમલસૂરિ | વિ.સ.૧૭૫૫, ઈ.સન્ ૧૬૯૯ |

# રાણકપુર તીર્થ ખાતે વિવિધ ભાષામાં 'ઓડિયો ગાઈડ ટુર'નો શુભ આરંભ

રાણકપુર તીર્થ ખાતે દેશ-પરદેશથી અનેક પ્રવાસીઓનુઆવાગમન રહે છે. મોટાભાગના પ્રવાસીઓ દેરાસરના  શિલ્પ કળા સ્થાપ્ત્ય અને ઈતિહાસની જાણકારી મેળવવા ઉત્સુક હોય છે. સામાન્ય રીતે આવી જાણકારી પુસ્તિકા-પરિચય પત્ર વગેરે દ્વારા મળી જતી હોય છે. પણ દેરાસરના શિલ્પ અને સ્થાપ્ત્યને નજરે જોવા અને સાથે સાથે એની વિગતો જાણવી, સાંભળવી એ અનેરો આનંદ હોય છે. ખાસ કરીને પ્રાચીન-પુરાતન અને ઐતિહાસિક સ્થાપત્યો સાથે આવી યાત્રા દરેક પ્રવાસીને અનેરો આનંદ અને તૃપ્તિ આપે છે. જોકે આ બધાના કારણે નિયમિત દર્શન-પૂજન જાપ-ધ્યાન  અને ભક્તિ માટે આવનારા યાત્રિક ભાઈ બહેનોને આરાધનામાં સતત ખલેલ પડતી હતી. ઘણા બધા વિચાર-વિમર્શ અને પરિસ્થિતિના અધ્યયન પછી રાણકપુરના ધરણવિહાર દેરાસરના ઈતિહાસ- શિલ્પ પરિચય માટે ખાસ કરીને વિદેશી આપ્રવાસીઓ માટે શ્રાવ્ય યાત્રા નું આયોજન પેઢીએ વિચાર્યુ. એ માટે નેરોકાસ્ટર કંપની સાથે વાટાઘાટો કરીને એક  ઈન્સ્ટ્રુમેન્ટ પણ  બનાવવામાં આવ્યું. આ 'ઓડિયો ગાઈડ ટુર'નો પ્રારંભ કરવા માટેનો એક સમારોહ  ૨૨-૧૨-૨૦૧૩, રવિવારની સવારે ૧૧ વાગે રાણકપુર તીર્થ ખાતે શેઠ જમનાદાસ ભગુભાઈ ધર્મશાળાની સમીપમાં વિશેષરુપે ઉભા કરાયેલા મંડપમાં રાખવામાં આવ્યો હતો.

આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ, ટ્રસ્ટીઓ શ્રી ગૌરવભાઈ, શ્રી શ્રીપાલભાઈ, શ્રી સુદીપભાઈ, સલાહકારશ્રી સુરેન્દ્રભાઈ તથા ભૂતપૂર્વ સંસદ સદસ્ય શ્રી પુષ્પ જૈન, શ્રી મીઠાલાલજી (રાણકપુર દેરાસરના નિર્માતા ધરણાશાહના ૧૪મી પેઢીના વંશજ) પેઢીના ભાવનગરખાતેના પ્રતિનિધિ શ્રી મનીષભાઈ શેઠ, સાદડી ખાતેના પ્રતિનિધિ શ્રી વિજયરાજજી ચંડાલીયા,

ઉદયપુર જૈન મહાસભાના પ્રમુખ શ્રી તેજરાજજી બોલિયા, પાલી જૈન સંઘના પ્રમુખ વગેરે ગણમાન્ય  મહાનુભાવો વિશેષની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

શ્રી ત્રિલોક મોદીના ગીત-સંગીત અને સંચાલનથી પ્રારંભાયેલ આ કાર્યક્રમમાં અનેક લોકો જોડાયા હતા.

આ પ્રસંગે ઓડિયો ટુરની આવશ્યકતા અને ઉપયોગિતા અંગે મહત્વની વાતો કરવામાં આવી હતી. ખાસ કરીને આરાધક વર્ગને પડતી ખલેલ આનાથી દૂર થશે. અને જિજ્ઞાસુ પ્રવાસીઓની શિલ્પકળા-સ્થાપત્ય અંગેની પ્રમાણિક જાણકારી મેળવવાની જિજ્ઞાસા પણ સંતોષાશે એવી લાગણી દર્શાવાઈ હતી.

હાલમાં આ ઓડિયો ગાઈડ હિન્દી, અંગ્રેજી, જર્મન,સ્પેનિશ અને ફ્રેન્ચ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

જ્ઞાનદીપ પ્રજવલન, સાથે પ્રારંભાયેલ આ કાર્યક્રમમાં રાણકપુર તીર્થ અંગે મહત્વની વાતો, પેઢીનું કાર્યક્ષેત્ર તથા પ્રવત્તિઓની જાણકારી આપવાની સાથે શ્રી સંવેગભાઈ તથા પૂર્વ સાંસદ સદસ્ય શ્રી પુષ્પ જૈનના વરદ હસ્તે ઓડિયો ગાઈડનું લોકાર્પણ અને શ્રી ગૌરવભાઈ શેઠ દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમ સફળ રીતે પૂરો થયો હતો.આ પ્રસંગે ભાવનગરથી મનીષભાઈ શેઠ ના નેતૃત્વમાં ૧૦૦ જેટલા યુવાનો ની ટીમ પધારી હતી અને વ્યવસ્થા જાળવવામાં સહયોગી બન્યા હતાં. પાલી તથા ઉદયપુર શ્રી સંઘના અનેક ભાઈબહેનો ઉપર્યુક્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પેઢી તરફથી રાણકપુરતીર્થ અંગેની સુંદર રંગીન ફોટોગ્રાફ્સ સાથેની હિન્દી ભાષામાં પરિચય પુસ્તિકા પણ પ્રગટ કરવામાં આવી હતી.

રાણકપુરતીર્થ આમેંય વિશ્વપ્રવાસના નકશા ઉપર સ્થાન મેળવી ચુક્યું છે. આ તીર્થ અંગે/ આના દેરાસરના શિલ્પ સ્થાપ્ત્ય અને કળા અંગે જાણીને સેંકડો-હજારો લોકો પ્રભાવિત થાય છે. તીર્થ પ્રત્યે શ્રદ્ધા- ભક્તિ વ્યક્ત કરે છે.

# ઉજમફઈની ટૂક

**-આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ.સા.**

ઉજમફઈની ટૂક રૂપે શત્રુંજય ગિરિરાજની ટોચેથી અને ઉજમફઈની ધર્મશાળારૂપે અમદાવાદના માણેકચોકથી ગાજતું રહેલું યુગ યુગ જૂનું ઉજમફઈનું નામ !

પ્રેમાભાઈ શેઠના ફોઈ હોવાથી સહુકોઈ એમને ઉજમફઈ તરીકે ઓળખતા હતા. શેઠ વખતચંદને હેમાભાઈ વગેરે સાત દીકરાઓ હતા. એ સાત ભાઈઓ વચ્ચેની ખૂબજ લાડકી એક દીકરીનું નામ ઉજમ! સાત ભાઈઓના હાથમાં ગુલાબના ગોટાની જેમ રમતી ઉજમ ખૂબ ખૂબ લાડકોડથી ઉછરી હતા. છતાં એનામાં ધર્મ- સંસ્કારો ઝળકતા હતા

ઝવેરી શાંતિદાસ શેઠના વંશજ વખતચંદશેઠના હેમાભાઈ વગેરે સાતભાઈઓ માટે ઉજમ એકની એક બહેન હતી. વળી પ્રેમાભાઈની એ ફોઈ પણ થતી હતી. પછી કરિયાવરમાં શી કમીના રહે? ગાડેગાડા ભરાય, એટલો કરિયાવર લગ્નમાં આપવાનું નક્કી થયું. જાત જાતની અને ભાતભાતની સામગ્રીથી સમૃદ્ધ કરિયાવરની જોરદાર તૈયારીઓ ચાલવા માંડી. કરિયાવરની વાતો અને તૈયારીઓ સાંભળીને ઉજમે ઉપરથી ગ્લાનિ અનુભવી. ઉજમને થયું કે, ધર્મી પરિવાર માટે આવો બધો કરિયાવર શોભે ખરો? કરિયાવરની તૈયારી જોતા અને વાતો સાંભળતા-સાંભળતા ઉદાસીન બની જતી ઉજમને જોઈને સૌને થતું કે, શું ઉજમને આટલો કરિયાવર પણ ઓછો લાગતો હશે? ઉજમનું દિલ જાણવા ઘણાએ એના દિલ દ્વારે ટકોરા માર્યા, પણ ઉજમે પોતાનું મન કોઈને કળવા ન દીધું. એ સમજતી હતી કે, હૈયાની વાત કંઈ બધાની આગળ ખુલ્લી કરી ન દેવાય!.

સહુએ પ્રેમાભાઈ શેઠને કહ્યું કે, ઉજમ સાથે ફોઈના સગપણે તમે બંધાયેલા છો. એથી તમારી સમક્ષ તો ઉજમ દિલનાં દ્વાર જરૂર ખુલ્લા મૂકી દીધા વિના નહી જ રહે. કરિયાવરની તૈયારીઓ જ ચાલી રહી હોવાથી હજી કંઈ બગડી ગયું નથી. ઉજમની જે મરજી હશે, એ પૂરી થઈ જ જશે, પ્રેમાભાઈને આ વાત ગમી ગઈ. તેઓ ઉજમ પાસે પહોંચી ગયા. એમણે મુદ્દાસરની વાત કરતાં

કહ્યું કરિયાવરની વાતો તો તારા સાંભળવામાં આવી જ હશે ? ગાડાંના ગાડાં ભરાય એટલી સામગ્રી 'કરિયાવર'તરીકે તૈયાર થવાની છે. તારા મોં પર પ્રસન્નતા છવાયેલી જોવા મળતી નથી એ પણ હકીકત છે. માટે આજે તો મારે આનું કારણ જાણવું જ છે. એટલે જ હું અહીં આવ્યો છું' પ્રેમાભાઈનો આ પ્રસ્તાવ સાંભળીને ઉજમ મનોમન પ્રસન્ન બની ગઈ. એને થયું કે દિલની ધારણા વ્યક્ત કરવાની પળ હવે પાકી ગઈ છે. 'શેઠ પ્રેમાભાઈ! જૈન એનું નામ જે સંસારના વ્યવહારમાં પણ ધર્મનો પ્રવેશ કરાવે. લગ્ન પણ સંસાર છે. કરિયાવરનો વ્યવહાર પણ સંસાર છે. મારી ઈચ્છા એવો કરિયાવર પામવાની છેકે, જે સરવાળા ગુણાકારમાં નહિ, પણ પાપની બાદબાકીમાં પરિણમે ! આવા કરિયાવરરૂપે હું શત્રુંજય ગિરિરાજની ટોચે એક દેરાસર ઈચ્છું છું. આજ સુધી આવો કરિયાવર તમે કોઈને આપ્યો નહિ હોય અને મને કે મારા જેવાને ક્યારે મળ્યો નહિ હોય. માટે મારા મનોરથ તો આવો કલ્યાણકારી કરિયાવર મેળવવાનો છે.'

પ્રેમાભાઈ શેઠે જયારે સૌને આ વાત જણાવી ત્યારે ઉજમના જૈનત્વ પર અનુમોદનાની અંજલિ ધરવા રૂપે સૌએ કરિયાવરરૂપે એક દેરાસરનું દાન કરવાનું નક્કી કર્યું. એથી ઉજમના ઉલ્લાસનો પાર ન રહ્યો.

કલ્યાણકારી એ કરિયાવર 'ઉજમફઈની ટૂક'ના રૂપમા ગરવા ગઢ શત્રુંજયના શિખરે આજેય ખુલ્લાં મેદાનમાં સુરક્ષિત છે. નવટૂંકમાં વિ.સં. ૧૮૮૯ના વૈશાખ વદ તેરસે પ્રતિષ્ઠિત નંદીશ્વર-દ્વીપ નામક મંદિર ઉજમફઈની ટૂક રૂપે વિખ્યાત છે.

## ગરવા ગઢ ગિરનારની યાત્રાએ

શ્રી ગિરનારજી મહાતીર્થની યાત્રાએ ઑક્ટો-૨૦૧૩ થી જાન્યુઆરી-૨૦૧૪ સુધીના મહીના દરમ્યાન પધારનારા મહાનુભાવોની સંખ્યા ૪૫,૫૫૮ જેટલી છે.

આ દરમ્યાન ૪૪૮ સાધુ-સાધ્વીજી ભગવંતો તીર્થરક્ષત્રની સ્પર્શના કરવા પધાર્યા હતા. ચતુર્વિધ સંઘ સાથે ૬'રી પાલિત ૫ સંઘો એ આ પવિત્ર ભૂમિની વંદના કરીને પરમાત્મા નેમનાથ વગેરે તીર્થંકરોની ભક્તિ કરી હતી. એક સંઘ બસો દ્વારા પણ આ મહીનામાં ગિરનારતીર્થની યાત્રાએ પધાર્યો હતો.

# દાદાના ડુંગરેથી

## રોજે કરતા ૬ ગાઉની જાતરા

ગિરિરાજ શત્રુંજયની યાત્રા કરવી એ એક લહાવો છે. જેટલી યાત્રા વધારે થાય એટલો આનંદ ઓર ઉછળતો હોય છે. ગિરિરાજની યાત્રાની સાથે છ ગાઉના યાત્રા કરવાનો લહાવો અનેરો હોય છે ! તમે છ ગાઉની યાત્રા કેટલી વાર કરી હશે ? બે... પાંચ... દશ. કે પછી વરસો વરસ ! પણ દરરોજ છ ગાઉની યાત્રા કરવાની વાત તમને કેવી લાગે ? એવું તે હતું હશે આવું જ ઉગેને મનમાં ?

જી હાં ! દરરોજ છ ગાઉની યાત્રા કરનારા આજે પણ છે અને એ છે ૮૬ વરસના **મણીશંકર બાલાશંકર ત્રિવેદી !** કોલ્હાપુર મહારાષ્ટ્ર ખાતે સને ૧૯૩૧માં જન્મેલા પણ મૂળે આદપુર-પાલીતાણાના વતની અને હાલમાં ત્યાં જ રહેતા મણીદાદાની વાત કંઈ અચરજ પમાડે તેવી છે !

૧-૧-૧૯૪૬ના રોજ ૮ કે ૯ વરસની ઉંમરે પાલીતાણા ઉપર નાના મોટા કામકાજ માટે જોડાયેલ "મણીયો" છેલ્લા ૬૦ કરતા વધારે વરસથી દરરોજ છ ગાઉના દેરા-દેરીઓના પૂજારી તરીકેની કામગીરી પૂરેપૂરી નિષ્ઠાથી બજાવે છે, નિભાવે છે. આજે તો એ મણીદાદા છે ! વરસના ૩૦૦ દિવસ ફરજના લેખે... ૬૦ વરસની નોકરી ગણતા ૧૮,૦૦૦ દિવસો જેવા થાય. એટલે કે છ ગાઉની ૧૮ હજાર જેટલી યાત્રા કરનારા આ મણીદાદાએ યાત્રાનો વિશ્વ વિક્રમ સ્થાપ્યો ગણાય. આ યાત્રા કરવા કે છ ગાઉના પૂજારીની ફરજ બજાવવા એમને દરરોજ ૧૮ કિલોમિટર ચાલવાનું થાય ! આજે પણ મણીદાદા છ ગાઉની યાત્રા દરમ્યાન સાધુ-સાધ્વીજી મળે તો લળી લળીને નમે, એમની સેવા-ભક્તિ કરે ! યાત્રાળુઓ સાથે વિનમ્ર અને પોતીકાપણાનો વહેવાર કરે !

આવા મણીશંકર બાલાશંકર ત્રિવેદીને નમીએ તો આપણને ય પુણ્ય મળે ! ૭મી સદીના સુમધુર કવિ માતૃચેટના શબ્દો કહીએ તો :

**યે ત્વાં સત્વા નમસ્યન્તિ, નમસ્તેભ્યો પિ સુકૃતમ્**

'જે તમને નમે છે એમને નમવું એ પણ પુણ્યનું કાર્ય છે, સુકૃત છે.' હવે પાલીતાણા જાઓ કે છ ગાઉની જાતરાએ નીકળો, કે આદપુરમાં ઘેટીની પાગે પગે લાગો ત્યારે ચહેરાઓની ભીડમાં એક મણીદાદાનો ચહેરો શોધી કાઢજો અને સરાહના અનુમોદનાના પ્રમોદભર્યા ભાવો એમને પહોંચાડજો.

## ચઁવલેશ્વર પાર્શ્વનાથની પૂજા સેવાના અધિકારો

સુરમ્ય પ્રકૃતિના ખોળામાં આવેલું પ્રાચીન ચંબલેશ્વર- ચઁવલેશ્વર પાર્શ્વનાથ તીર્થના વિવાદમાં માનનીય અપર જિલ્લા અને સત્ર ન્યાયધીશ ભીલવાડા (રાજસ્થાન) એ શ્વેતાંબર પક્ષની અરજીનો સ્વીકાર કરતા કહ્યું છે કે, દાવા સંબંધી વધારે ટીકા-ટિપ્પણી કર્યા વગર તથ્યો અને પરિસ્થિતિના સંદર્ભમાં ઉપલબ્ધ સાક્ષ્યો વગેરેને લક્ષ્યમાં રાખીને અંતિમ નિષેધાજ્ઞા(ઈન્ટરીમ સ્ટે ઓર્ડર) આપવા સંબંધી શ્વેતાંબર સંઘની વિનંતીનો આ દ્વારા સ્વીકાર કરીને આદેશ આપવામાં આવે છે કે મંદિરમાં શ્વેતાંબરોને એમની માન્યતા મુજબ દર્શન-પૂજા- ભક્તિ- આરાધના કરવાથી રોકવા નહી. એમાં કોઈપણ જાતની અડચણો ઉભી કરવી નહીં, તાળા મારવા નહીં અને દાવાની વિચારણા મુજબ વ્યવસ્થા જેમની તેમ ચાલુ રહેવા દેવી. માનનીય ન્યાયાલયે આમ શ્વેતાંબરોના ચઁવલેશ્વર પાર્શ્વનાથ ભગવાનના પૂજાના અધિકારોને કાયમ રાખ્યા છે.

## શ્વેતાંબર જૈન તીર્થ ચઁવલેશ્વર પાર્શ્વનાથ તીર્થ ખાતે

## પ્રભુ પાર્શ્વનાથના જન્મકલ્યાણકની ઉજવણી

ભીલવાડા રાજસ્થાન જિલ્લામાં ચેનપુરા ગામની પાસે પહાડી ઉપર સ્થિત શ્વેતામ્બર જૈન તીર્થ ખાતે બિરાજમાન ચઁવલેશ્વર **પાર્શ્વનાથ** દેરાસરમા પાશ્વનાથ  જન્મકલ્યાણ નિમિતે બે દિવસનો પરમાત્મ ભકિત પૂજા ઉત્સવનો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં શ્વેતામ્બર પરંપરા પ્રમાણે ૨૬ ડિસેમ્બર તથા ૨૭ ડિસેમ્બરના બે દિવસો દરમ્યાન સવારે **પાર્શ્વનાથ** જિન પ્રતિમાના પંચામૃત અભિષેક, નવાંગીપૂજન, અંગરચના - આંગી- મુગટ- છત્ર અને પૂંઠિયા સજાવવા પૂર્વક વિધિ વિધાનો સંપન્ન થયા હતા .બપોરે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા તથા રાત્રે ભકિત ભાવના સાથે આરતી - મંગળદીવાની બોલીઓ બોલીને પરમાત્માની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે આજુ - બાજુના વિસ્તારોમાંથી સારી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# તારંગા તીર્થની વાત

ભારતભરમાં શ્વેતામ્બર જૈન તીર્થના ઉત્તુંગ તીર્થ સમૂહમાં તારંગા તીર્થનું સ્થાન શિરમોર જેવું છે. તારંગા શૈલ ઉપર ઉન્નત, ઉત્તુંગ અને ઉર્જસ્વી જિનાલયનું નિર્માણ ગૂર્જરેશ્વર પરમઆર્હત રાજા કુમારપાળે કરાવેલુ. આ જિનાલય પૂર્વાભિમુખ દ્વારવાળો પૂર્વ પશ્ચિમ ૨૮૦ ફૂટ લાંબો, ઉતર - દક્ષિણ ૨૧૨ ફૂટ પહોળો તથા ૧૨૬ થી ૧૩૦ ફૂટ જેટલો ઉંચો મેરૂપ્રાસાદ સમાન ભવ્ય છે.વર્તમાનમાં મુખ્ય દેરાસરમાં પ્રતિષ્ઠિત મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા સોમસુંદરસૂરિજીના વરદ્ હસ્તે ઈડરના શ્રેષ્ઠી ગોવિંદ દ્વારા કરાવવામાં આવી હતી. અન્ય અનેક તીર્થસ્થાનોની સાથે મોગલકાળમાં આક્રમણનો ભોગ બનીને આ તીર્થ પણ જીર્ણ શીર્ણ બન્યું.ટીબાના જૈન સંઘ તથા તારંગાજી જૈન શ્વેતામ્બર તીર્થ કમિટિએ વિ.સં ૧૯૭૭, (ઈસ્વી સન્ ૧૯૨૧) માં આણંદજી કલ્યાણજી પેઢીને વહીવટ સોંપ્યો. ત્યારથી પેઢી તીર્થના સંરક્ષણ - વિકાસ અને સમગ્ર વ્યવસ્થા તંત્રનું સંચાલન કરે છે. ઈ.સન્ ૧૯૬૩માં પેઢી તરફથી આ તીર્થના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો સર્વાંગી જીર્ણોદ્ધાર કરાવવાનો પ્રારંભ કર્યો. પંદર વરસ જેટલા લાંબા સમય સુધી આ જીર્ણોદ્ધાર ચાલ્યો.આમાં રૂપિયા ૧૫ લાખ જેટલો ખર્ચ પણ થયો હતો. વર્તમાનમાં તો આ તીર્થનો વિકાસ સારો એવો થયો છે. વ્યવસ્થાથી સુસજ્જ ધર્મશાળાઓ, ભોજનશાળા વગેરેથી આવનારા યાત્રિકો ને સગવડતા મળી રહે છે. કોટિશિલા મુખ્ય મંદિરથી દક્ષિણ તરફ જતા એક તળાવ તથા પાસે એક કૂવો છે. ત્યાંથી કોટિશિલા તરફ જવાનો રસ્તો જુનો હતો. ટેકરી ઉંચી છે, રસ્તામાં ગુફાઓ આવે છે બે પત્થરના બનેલા ખડકો માંથી રસ્તો નીકળે છે, કોટિશિલા વાળી ટેકરી ઉપર ચૌમુખજીની દેરી છે. આ કોટિશિલા માટે 'હીર સોભાગ્ય' નામના સંસ્કૃત કાવ્ય ગ્રંથમાં કહયું છે કે (હિમાલય - કૈલાશ પર્વત જેવા ઉતુંગ - ગગનચુંબી પર્વત ઉપર કરોડ

સંખ્યાના મુનિઓ માટે જાણે શિવ વહુ (મુકિત રૂપી વધૂ) વિવાહના ઉત્સવ પ્રસંગે સ્વયંવરની ભૂમિ જેવી કોટિશિલા વિદ્યમાન છે - અહીં કરોડો મુનિઓ મોક્ષે ગયાની વાતને આલંકારિક રીતે પ્રસ્તુત કાવ્ય હીર સૌભાગ્યના કર્તા દેવવિમલ ગણી વાચકે ગૂંથી છે.) કોટિશિલાના નામે ઓળખાતી ટેકરી ઉપર મોટા ચોતરા ઉપર વચ્ચોવચ્ચ ઉભી દેરીમાં ચૌમુખજી તરીકે પાર્શ્વનાથ ભગવાનની ચતુર્મુખ પ્રતિમાઓ છે. સાથે વીશ વિહરમાન જિનના પગલા છે. પગલા ઉપર વિ.સં ૧૮૨૨ ના જેઠ સુદ-૧૧,બુધવારના દિવસે શ્વેતામ્બર તપાગરછીય આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજીએ પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે.

**સિદ્ધશિલા :** મુખ્ય મંદિરથી દક્ષિણ - **પશ્ચિમ** ના વાયવ્ય કોણમાં એક ટેકરી ઉભી છે જે "સિદ્ધશિલા" તરીકે ઓળખાય છે. આ ટેકરી પરની શ્વેતામ્બર દેરીમાં ચૌમુખજીની ચાર પ્રતિમાઓ છે જેમાં ભગવાન **સુપાર્શ્વનાથ**,પાર્શ્વનાથ,અરનાથ તથા નેમિનાથની પ્રતિમાઓ છે. અહી ૧ મોટી તથા ૨ નાની કુલ ૩ શ્વેતામ્બર દેરીઓ છે. **સુપાર્શ્વનાથ** ભગવાનના ચરણ નીચે **પાર્શ્વનાથ**ભગવાનની ચરણ પાદુકા છે - હાલમાં જ આ બંને ટેકરીઓ સુધી જવાના રસ્તા અને પગથિયા વગેરનું સમુચિત સમારકામ પેઢી તરફથી કરાવવામાં આવ્યો છે.

**મોક્ષબારી :** મુખ્ય મંદિરથી પૂર્વ દિશામાં અડધો માઈલના અંતરે એક શિખરની ટોચ ઉપર આ મોક્ષ બારીના નામે ઓળખાતી જગ્યા આવેલી છે. આ સ્થાનને 'પુણ્યબારી'પણ કહેવામાં આવે છે. દેરીમાં શ્રીઅજિતનાથ ભગવાન વગેરેનાં પગલાં છે. પ્રાચીન મોટાં પગલાં ઉપર બીજાં ગોઠવેલાં પગલાં છે. જેના પર સં. ૧૮૬૬ નો લેખ છે.આ દેરીના ઉપલા ભાગે સાદા પરિકરવાળી ભગવાનની મૂર્તિ છે. પરિકર પ્રાચીન છે. ગાદી નીચે સં.૧૨૩૫ વૈશાખ સુદિ ૩ નો લેખ છે. આ ત્રણ સ્થળો તારંગાની ટૂક તરીકે પણ ઓળખાય છે.

# જૈન શ્વેતાંબર સોસાયટી : સમ્મેતશિખર-કલકત્તા

જિનશાસનની પરંપરામાં તીર્થો અને તીર્થસ્થાનોનું મહત્વ આગવું છે. તીર્થભૂમિઓના પાવન પરમાણુ સાધકો ને સાધના કરવા માટે સૂક્ષ્મબળ પુરુ પાડે છે. આરાધકોને આરાધના કરવા માટે આંતરિક ભૂમિકા સર્જે છે. ઉપાસકોને ઉપાસના કરવા માટે ઉર્જા પ્રદાન કરે છે. આવી તીર્થ ભૂમિઓ અને એના પર સૈકાઓથી નિર્મિત થયેલા,દેરાસરો, જિનાલયો, દેવાલયો, દેરીઓ, પવિત્ર સ્થાનો વગેરેની રક્ષા-સુરક્ષા અને જાળવણી તથા વ્યવસ્થા કરવાનું કાર્ય પણ એટલુંજ અગત્યનું અને જવાબદારી ભર્યું છે.

મોગલકાળમાં મોટાભાગના પ્રખ્યાત તીર્થો શ્વેતાંબર જૈન પરંપરાના મહાન આચાર્ય જગદ્ગુરુ હીરવિજયસૂરિજીને બાદશાહ અકબર દ્વારા ભેટ સ્વરૂપે અપાયેલા. હીરસૂરીશ્વરજી તથા તેમની પરંપરામાં થયેલા મહાન પ્રભાવક આચાર્યોએ એ તીર્થના વહીવટ માટે તત્કાલીન જૈન શ્વેતાંબરમૂર્તિપૂજક પરંપરાના અગ્રણી શ્રાવકો, શ્રદ્ધા અને શ્રીસંપન્ન શ્રેષ્ઠિઓને પ્રેરણા કરી તથા જવાબદારી સોંપી. શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાના જૈનો દ્વારા શ્રદ્ધા ભક્તિ અને સમર્પણથી એ તીર્થોનો વહીવટ કરવામાં આવે છે.

**પૂર્વ ભારતના ખાસ કરીને સમ્મેતશિખર તથા તેની આસપાસના તીર્થોનો વહીવટ-વ્યવસ્થા ૧૭-૧૮મી સદીથી જીયાગંજ અજીમગંજ (મુર્શિદાબાદ)ના જગતશેઠ તરીકે ઓળખાતા શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાના શ્રેષ્ઠિ પરિવારો કરતા રહ્યા હતા. વિ.સં. ૧૭૮૧, (ઈસ્વી સન્ ૧૭૨૪) માં મોગલ બાદશાહ મુહમ્મદ શાહે શેઠ ફતેહચંદને સહુ પ્રથમ જગતશેઠની પદવી આપી ત્યારબાદ વિ.સં. ૧૮૦૫ (ઈસ્વી સન્ ૨૭-૦૫-૧૭૪૮)માં અહમદશાહ નામના બાદશાહે શેઠ મહેતાબચંદને મણીયુક્ત જગતશેઠની મહોર સાથે ફરમાન જારી કરીને જગતશેઠની પદવી આપી હતી. તથા વિ.સં. ૧૮૦૯, (ઈસ્વી સન્ ૧૭૫૨)માં મહેતાબચંદ જગતશેઠ ને મધુવન કોઠી, જયપુરનાળુ, પ્રાચીનનાળુ, જલહરિકુંડ, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન તથા પારસનાથ પહાડ ભેંટ આપ્યો હતો.**

શાહ આલમ(ત્રીજા) એ વિ.સં.૧૮૨૨, (ઈસ્વી સન્- ૧૭૬૬)માં ખુશાલચંદ શેઠને જગતશેઠની પદવી આપી, આ જગતશેઠ ખુશાલચંદે વિ.સં.૧૮૨૫, (ઈસ્વી સન્ ૧૭૬૯)માં પારસનાથ પહાડની તળેટી તથા પહાડ ઉપર દેરાસરો અને દેરીઓની પ્રતિષ્ઠા આચાર્યશ્રી ધર્મસૂરિશ્વરજીના વરદ્ હસ્તે કરાવી.

**વિ.સં. ૧૮૪૦ (ઈસ્વી સન્ ૧૭૮૪)માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ હરખચંદ શેઠને જગતશેઠની પદવી આપી. ત્યારબાદ આ જગતશેઠની પદવી આપવાનું બંધ થયું. (ઈસ્વી સન્૧૭૮૬) થી ૧૭૯૩ સુધીમાં બંગાળમાં જમીનદારીના કાયદાઓ થોડાઘણા ઘડાયા. આ બાજુ કેટલાંક કારણોસર જગતશેઠ પરિવાર મુર્શિદાબાદથી નીકળીને કલકત્તા જઈ વસ્યા આ દરમ્યાન અંગ્રેજોએ આ પારસનાથ પહાડ પાલગંજ રાજ્યના તાબામાં મૂક્યો. તેમ છતાએ સમ્મેતશિખર તીર્થનો વહીવટ કલકત્તમાં રહેતા જગતશેઠના વંશજો કરતા રહ્યા.** બ્રિટીશરાજ વખતે આ તીર્થોની વ્યવસ્થા-સંચાલન માટે જૈન શ્વેતાંબર સોસાયટી અસ્તિત્વમાં આવી અને ૧૮૭૨ થી આ સોસાયટી અને એના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ વગેરે પૂજ્ય આચાર્ય ભગવંતોના માર્ગદર્શન અને સલાહ સૂચન પ્રમાણે તીર્થોનો વહીવટ કરતા આવ્યા છે. હાલમાં સમ્મેતશિખર ઉપરાંત ક્ષત્રિયકુંડ, ઋજુવાલુકા, ચંપાપુરી, કાકંદી વગેરે તીર્થોનો વહીવટ આ સોસાયટી કરી રહી છે. વહીવટ તથા વ્યવસ્થા, સુરક્ષા અને જાળવણી, વિકાસ અને જીર્ણોદ્ધારના ખર્ચાઓને પહોંચી વળવા માટે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘો, પેઢીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ ઉપર્યુક્ત જૈન શ્વેતાંબર સોસાયટીને આર્થિક સહયોગ આપી તીર્થની જાળવણી તથા રક્ષણમાં લાભ લેતા રહ્યા છે. જેમા શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટનો પણ ફાળો હોય છે. શ્રી સમ્મેત શિખરજી તીર્થ ઉપર આ કાર્યો જૈન શ્વેતાંબર સોસાયટી દ્વારા જ થઈ રહ્યા છે.

### કુંભારીયાજી તીર્થ ખાતે

તા.૧-૪-૧૩ થી ૩૧-૧૨-૧૩ સુધી ૯ મહીના દરમ્યાન ૧૦ હજાર જેટલા યાત્રિક ભાઈ બહેનોએ યાત્રા કરીને દર્શન-પૂજા-ભક્તિનો લાભ લીધો હતો. ૧૩૫ જેટલા પૂજ્ય સાધુ- સાધ્વીજી ભગવંતો તીર્થમાં પધાર્યા હતા. ૬૫ જેટલા સંઘો (શ્રાવક- શ્રાવિકાઓ) બસો દ્વારા આ તીર્થની યાત્રાએ પધાર્યા હતા.

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે પેઢીના સંપર્ક સૂત્રો :


શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૦૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com



### અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે

ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.

E-mail : anandkalyanmagazine@gmail.com

## આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા હાલમાં જ નવીનીકરણ કરાયેલ તારંગાતીર્થના પાવન સ્થળોઃ કોટિશિલા તથા સિદ્ધશિલાની દેરી તથા રસ્તા - પગથિયાના દશ્યો



BOOK - POST

*To,*

**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**

**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

**E-mail : anandkalyanmagazine@gmail.com**